# દર્દીઓની સેવા-સંજીવનીનો સમન્વય એટલે કલ્પ સેવા આરોગ્ય કેન્દ્ર

## કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં તમામ પ્રકારના પેથોલોજી ટેસ્ટ પણ નજીવા દરે..

સે-૨૫ જી આઇ ડી સી માં છેલ્લા ૧૨ વર્ષથી દર્દીઓને ઉમદા સેવા પુરી પાડવા માટે કલ્પ સેવા આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે. જયારે આ આરોગ્ય સેવા કેન્દ્રમાં દર્દીઓને ટોકન દરે વિવિધ રોગોની સારવાર પુરી પાડવામાં આવે છે. વિવિધ રોગના નિષ્ણાંત તબીબો પણ નિયત સમયે હાજર રહે છે. જયારે દર્દીઓની સારવાર માટે ઉપયોગી એક્ષ-રે , સોનોગ્રાફી, ,દાંતની સર્જરી અને લોહી સહીતના તમામ પેથોલોજી ટેસ્ટ પણ કરવામાં આવે છે. જયારે આ પેથોલોજી ટેસ્ટ માટે પણ દર્દીઓ પાસેથી માત્ર ૨૫ ટકા ચાર્જ જ વસુલવામાં આવે છે. જેના લીધે ખર્ચાળ ટેસ્ટ કરાવવા માટે આર્થિક રીતે અક્ષમ દર્દીઓને પણ સારવાર સાથે સરળતાથી ટેસ્ટ કરવાની સુવિધા પણ એક જ જગ્યાએથી મળી રહે છે.

## સે-૨૫ જી આઇ ડી સી સ્થિત કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને સવારે ૮ થી ૧૦ સારવાર : વિવિધ રોગના દર્દીઓ માટે શહેરના ૨૮ યશનામી ડોકટરની ટીમ કાર્યરત : લેબોરેટરી ટેસ્ટ પણ નજીવા દરે અત્યાર સુધી ૨.૫૦ લાખથી વધુ દર્દીઓએ લાભ લીધો : કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી દ્વારા સમાજ સેવાની પ્રેરણાદાયી સેવાપ્રવૃતિ




ગાંધીનગરમાં વહીવટી અને રાજકીય ગતિવિધિઓ વચ્ચે અનેક વિધ સેવા કાર્યો પણ મહેંક પ્રસરાવી રહ્યા છે. કોરોનાના કપરા કાળમાં છેલ્લા બે વર્ષથી પ્રત્યેક આરોગ્ય સુખાકારી માટે વિશેષ જાગૃત બન્યા છે. પરંતુ ખર્ચાળ બનતી આરોગ્ય સેવા આમ નાગરિકો માટે ચિંતાનુ



કારણ બની છે. શહેરમાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની વિના મુલ્યે સારવાર થાય છે. પરંતુ ખાનગી હોસ્પિટલોમાં જવાનુ દરેક દર્દીઓના ખિસ્સાને પોષાતુ નથી. આવા સંજોગોમાં દર્દથી કણસતા દર્દીઓ માટે શહેરમાં સે-૨૫ જી આઇ ડી સી ખાતે સ્થિત કલ્પ સેવા આરોગ્ય કેન્દ્ર સેવા અને સંજીવનીનો અનોખો સમન્વય બન્યુ છે. વર્ષ ૨૦૦૯ થી શરૂ થયેલા આ આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓની તદન નજીવા દરે સારવાર કરવામાં આવે છે. અલબત્ત દર્દી પાસેથી માત્ર રૂ૧૦ થી ૨૦નો ટોકન દર જ વસુલવામાં આવે છે. કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી દ્વારા સમાજ સેવાના અનેક પ્રોજેકટો અન્વયે ઉમદા કામગીરી કરવામાં આવે છે. કલ્પ સેવા આરોગ્ય કેન્દ્ર પણ આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવા પુરી પાડી દર્દીઓના આંસુ લુછવાનુ કામ કરે છે. સે-૨૫ જી આઇ ડી સીમાં કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન દ્વારા વર્ષ ૨૦૦૯ માં આ આરોગ્ય સેવા શરૂ કરવામાં આવી હતી આ કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા ૧૨ વર્ષથી પ્રતિદિન સવારે ૮ થી ૧૦ દરમિયાન નિષ્ણાંત તબીબો દ્વારા દર્દીઓને તમામ પ્રકારની આરોગ્ય સેવા પુરી પાડવામાં આવે છે. હાલ આ આરોગ્ય કેન્દ્રમાં અંદાજિત ૨૮ જેટલા ડોકટર્સ પણ તેમની સેવા આપી રહ્યા છે. આ તમામ યશનામી ડોકટર્સ પણ શહેરમાં તેમનુ ક્લિનીક પણ ધરાવે છે. જયારે સવારે બે કલાક આ આરોગ્ય સેવાના અનોખા યજ્ઞમાં તેમનુ યોગદાન આપી સાચા અર્થમાં ડોકટરની ફરજ બજાવે છે. કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં પ્રતિદિન ૧૦૦ થી ૧૫૦ દર્દીઓની તદન નજીવા દરે સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધી આ સેવા કેન્દ્ર દ્વારા ૨.૫૦ લાખથી વધુ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં ગાંધીનગર શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત અમદાવાદ, આણંદ સહીતના વિવિધ શહેરોમાંથી દર્દીઓ આવીને સારવાર મેળવી સંતોષની લાગણી અનુભવે છે. રવિવાર સિવાય સોમથી શનિ સવારે જનરલ ઓપીડી કાર્યરત હોય છે. આ ઉપરાંત વિવિધ રોગના નિષ્ણાંત ૭ જેટલા ડોકટર્સ પણ કેન્દ્રમાં સમયસર સેવા આપી રહ્યા છે. ટોકન દરે દર્દીઓને સેવા પુરી પાડવાની સાથે દવાઓ પણ વિના મુલ્યે આપવામાં આવે છે. આરોગ્ય સેવા કેન્દ્રમાં દરેક ડોકટર્સની અલગ ચેમ્બર તેમજ પેથોલોજી ટેસ્ટીંગ, સોનોગ્રાફી, એક્ષ રે સહીતની સુવિધાઓ પણ છે. કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી દ્વારા સી એસ આર એક્ટીવીટી અંતર્ગત શહેરમાં આ આરોગ્ય સેવા વર્ષોથી ચાલી રહી છે. સમાજ સેવાના ઉમદા આશય સાથે આરોગ્ય સેવાનો આ યજ્ઞ અનેક દર્દીઓ માટે આર્શીવાદરૂપ નિવડયો છે. પ્રોજેકટના ડાયરેકટર કમલકિશોર જૈન પણ સતત દર્દીઓને નજીવા દરે અસરકારક આરોગ્યસેવા મળી રહે તે માટે પ્રયત્નશીલ રહે છે. સેવા કેન્દ્રના એડમિનીસ્ટ્રેટીવ ઈન્ચાર્જ એસ ડી ઠાકુર પણ દર્દીઓની મદદ માટે સતત હાજર રહે છે. આરોગ્ય ક્ષેત્રે નગરની સિવિલ હોસ્પિટલને સમાંતર કાર્યરત આ સેવા યજ્ઞમાં ફાર્માસિસ્ટ,એક્ષરે ટેકનિશીયન , લેબ ટેકનિશીયન, નર્સ, હાઉસકીપીંગ પ્યુન , સ્વીપર પણ ઉત્સાહથી સેવાના કામમાં જોડાયેલા છે. સમાજ સેવાના ઉમદા આશય સાથે કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન આ આરોગ્ય



ડોકટરની ટીમ સાથે સેવાનો સઘળો ખર્ચ ઉપાડે છે.

### દરરોજ સવારે ૮ થી ૧૦

| | | |
|---|---|---|
| સોમ થી શનિ | જનરલ ઓપીડી | ડૉ. વિનોદ એચ. શાહ |
| સોમવાર | ચામડીના રોગોના નિષ્ણાંત | ડૉ. ભાવિન ભટ્ટ |
| સોમવાર | કાન, નાક, ગળાના સર્જન | ડૉ. જીગ્નેશ રાજવીર |
| સોમવાર | દાંતના સર્જન | ડૉ. બિંદી ગજ્જર |
| સોમવાર | બાળરોગોના નિષ્ણાંત | ડૉ. નિમિષા જૈન |
| સોમવાર | ફીઝીશીયન | ડૉ. સંદીપ કોન્ટ્રાક્ટર |
| મંગળવાર | બાળ રોગોના નિષ્ણાંત | ડૉ. ગુંજન જૈન |
| મંગળવાર | જનરલ સર્જન | ડૉ. દિપક મહેતા |
| મંગળવાર | આંખના રોગોના નિષ્ણાંત | ડૉ. પિયુષ દવે |
| બુધવાર | સ્ત્રી રોગોના નિષ્ણાંત | ડૉ. ઉર્વિ ડી. મહેતા |
| બુધવાર | ઓર્થોપેડીક સર્જન | ડૉ. વિજય ઉપાધ્યાય |
| બુધવાર | એક્ષ-રે, સોનોગ્રાફી | ડૉ. અસીમ શાહ, ડૉ. ભાવિન શાહ |
| બુધવાર | ફીઝીશીયન | ડૉ. સંદીપ કોન્ટ્રાક્ટર |
| ગુરૂવાર | કાન-નાક, ગળાના નિષ્ણાંત | ડૉ. ગિરીશ શાહ |
| ગુરૂવાર | બાળરોગોના નિષ્ણાંત | ડૉ. ગોવિંદભાઈ શાહ |
| ગુરૂવાર | હોમિયોપેથ | ડૉ. આરતી બુચ |
| ગુરૂવાર | આયુર્વેદ | ડૉ. જસવંતસિંહ રાઠોડ |
| ગુરૂવાર | ચામડીનાં રોગોના નિષ્ણાંત | ડૉ. ભાવિન ભટ્ટ |
| શુક્રવાર | આંખના રોગોના નિષ્ણાંત | ડૉ. પિયુષ દવે |
| શુક્રવાર | માનસિક રોગોના નિષ્ણાંત | ડૉ. ગૌરાંગ થાનકી |
| શુક્રવાર | ઓર્થોપેડીક સર્જન | ડૉ. રૂપેશ પટેલ |
| શુક્રવાર | સ્ત્રી રોગ=પ્રસુતિના નિષ્ણાંત | ડૉ. નિશા ગોસ્વામી |
| શુક્રવાર | ફેફસાના રોગોના નિષ્ણાંત | ડૉ. જયંત ત્રિવેદી |
| શુક્રવાર | એક્ષ-રે, સોનોગ્રાફી | ડૉ. અસીમ શાહ, ડૉ. ભાવિન શાહ |
| શનિવાર | ફીઝીશીયન (મેડીસીન) | ડૉ. જયેશ ડી. શાહ |
| શનિવાર | દાંતના સર્જન | ડૉ. અમી ભાવસાર |
| શનિવાર | બાળ રોગોના નિષ્ણાંત | ડૉ. અનિલ વેદ |
| શનિવાર | આંખના રોગોના નિષ્ણાંત | ડૉ. રીટા શાહ |
| શનિવાર | કાન, નાક, ગળાના સર્જન | ડૉ. દેવી ગજ્જર |

**● સોમથી શનિ - પેથોલોજી લેબોરેટરી, લોહી, પેશાબની તપાસ રાહતદરે ઉપલબ્ધ - કલ્પતરૂ મેનેજમેન્ટ**

## એકાદ મહીનામાં અદ્યતન ટેકનોલોજી ધરાવતુ એમ.આર.આઇ. મશીન પણ આવશે

ગાંધીનગરમાં સે-૨૫ જી આઇ ડી સી ખાતે સ્થિત કલ્પ આરોગ્ય સેવા કેન્દ્રમાં દર્દથી કણસતા દર્દીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે તેમ કહીએ તો પણ ચાલે..દર્દીઓની સેવાના ઉમદા આશય સાથે સેવા કેન્દ્રમાં જનરલ ઓ પી ડી સહીત વિવિધ રોગના નિષ્ણાંત અને નામી ડોકટર્સ સેવા આપી રહ્યા છે. ડોકટરોની ટીમ સાથે પુરતો સ્ટાફ પણ ઉપલબ્ધ છે. સારવાર સાથે અન્ય કોઈપણ પ્રકારના ટેસ્ટ કરવા માટે પણ દર્દીઓ અન્ય ઠેકાણે ધક્કા ખાવા ન પડે તે માટે પણ પુરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રના પ્રોજેકટ ડાયરેકટર કમલકિશોર જૈને આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે હાલ સેવા કેન્દ્રમાં તમામ પ્રકારના દર્દીઓ માટે સારવાર ઉપલબ્ધ છે. જયારે આગામી એકાદ મહીનામાં એમ આર આઇ મશીન પણ આવી જશે. અદ્યતન ટેકનોલોજી ધરાવતા એમ આર આઇ મશીનના આધારે દર્દીઓના જરૂરી અને ખર્ચાળ ટેસ્ટ કરવાનુ કામ પણ નજીવા દામથી આ સેવા કેન્દ્રમાં થઇ શકશે.

## અંધ અને વિકલાંગ દર્દીઓની તદન વિના મૂલ્યે સારવાર

કલ્પ સેવા આરોગ્ય કેન્દ્રમાં પ્રતિદિન સવારે ૮ થી ૧૦ દરમિયાન દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે. જયારે આ દર્દીઓ પાસેથી માત્ર રૂ ૧૦ થી ૨૦ નો ટોકન દર વસુલવામાં આવે છે. આ ઉપરાંત આરોગ્ય સેવા કેન્દ્રમાં આવતા અંધ અને વિકલાંગ દર્દીઓની તદન વિના મુલ્યે સારવાર કરવામાં આવે છે. અલબત્ત આ દર્દીઓ પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ વસુલવામાં આવતો નથી. વિકલાંગ તેમજ અંધ દર્દીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે મુજબ ત્વરિત સારવાર આપવામાં આવે છે.

## ખૂણેખાંચરેથી

- સોમવારે મળનારી કલેક્ટર - ડી.ડી.ઓ. કોન્ફરન્સને લઈ આજે આખો દિવસ ઘણી બધી કચેરીઓ સતત કામગીરીમાં વ્યસ્ત રહી હતી.
- સોમવારે ભાજપની બપોરે ૩ વાગે પ્રદેશ કારોબારીની વર્ચ્યુઅલ બેઠક મળવાની છે. વર્ચ્યુઅલ કારોબારી બેઠક રાજયમાં પક્ષની પ્રથમવાર મળી રહી છે.
- આજે “મનકી બાત”ના કાર્યક્રમ પછી જિલ્લાભરમાં ભાજપના આગેવાનો વૃક્ષારોપણ સહિતના વિવિધ કાર્યક્રમોમાં જોડાશે.
- કોરોનામાં સરકારની નિષ્ફળતાને લઈ કોંગ્રેસ પક્ષે એક શ્વેતપત્ર તૈયાર કર્યુ છે અને તે સોશ્યલ મિડિયામાં ફરી રહ્યું છે.
- ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણ ઘટ્યુ છે પણ લોકોના મનમાંથી હજુ કોરોનાનો ભય ઓછો થતો નથી.
- આજે માહિતી ખાતાની વિવિધ સંવર્ગની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે.
- કોરોનાની સ્થિતિ અને વેક્સિનેશનને લઈ આજે ભારત સરકાર દ્વારા સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- શહેરમાં રજાનો માહોલ હોવાથી આજે ટ્રાફિકભારણ રાજમાર્ગો પર ઓછુ જોવા મળતુ હતુ.
- ત્રીજા વેવની સંભાવનાને પગલે આગામી સપ્તાહમાં જિલ્લાના તબીબી-અધિકારીઓ સહિત આરોગ્યના કર્મીઓને તાલિમ માટેનું આયોજન તંત્ર દ્વારા વિચારાઈ રહ્યુ છે.

## હરિની દષ્ટિ...

- હરિન ભટ્ટ




**ભાઈ તને દિવસમાં ત્રણવાર પગ દુઃખે એટલે, એને દુઃખાવાની ત્રીજી લહેર આવી એમ ન કહેવાય...!!!**



રાજયના ખેડુતોએ રાજભવન અને સીએમ હાઉસને ઘેરવાની આપેલી ચિમકીને પગલે શહેર પોલીસ દ્વારા જ માર્ગ પર લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. સરકીટ હાઉસ સર્કલ થી અક્ષરધામ તરફનો માર્ગ બંધ કરી દેવાયો હતો. જયારે આ માર્ગ પર ખેડુત ભાઈઓ આવી ન જાય તે માટે ૨ પીઆઈ, ૫ પીએસઆઈ સહિત ૧૦૦ પોલીસ જવાનો ખડેપગે હાજર હતા.

## ચિલોડા પ્રાથમિક શાળા સેન્ટર ખાતે ૧૦૦ લાભાર્થીઓને વેક્સિનેશન

ચિલોડા, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળા સેન્ટર ખાતે કોરોના



રસીકરણ અભિયાન હેઠળ ૧૮ વર્ષથી ઉપરના યુવા ભાઈ-બહેનો, ૪૫ વર્ષથી વધુ વય ધરાવતા ૧૦૦ લાભાર્થીઓએ વેક્સિનેશનમાં ભારે ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. રસીકરણની કામગીરીમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન લલિતસિંહ ઠાકોર, આઈ.બી. વાઘેલા, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, અગ્રણી દિનેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી રસીકરણમાં પ્રથમ ડોઝ અને બીજો ડોઝ સેન્ટરમાં આવતા લોકો માટે તમામ સુવિધા કરવામાં આવી છે. આમ યુવા અગ્રણી જૈમિનભાઈ પટેલ દ્વારા રસીકરણ માટે યુવાવર્ગ તથા વડીલોમાં સારો પ્રતિસાદ મળે તેવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ચિલોડામાં જનસંઘના કાર્યકરોનું સન્માન

ચિલોડા, તા. ૨૬

દેશના પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ વર્ષ-૧૯૭૫માં કટોકટી લાગુ કરી હતી તેની વરસી સંદર્ભે ૨૫મી જૂનના રોજ ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે ભાજપ દ્વારા આ કટોકટી દરમ્યાન કરેલ કાર્યો બદલ જનસંઘના કાર્યકરોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાજપના અગ્રણી કોદરભાઈ પટેલ, આઈ.બી. વાઘેલા તથા અન્ય કાર્યકરો ઉપસ્થિત રહી કાર્યકરોનું સન્માન કરાયુ હતુ.

# પેથાપુર જમીન મુદ્દે ફેકટરીના માલિક પર છરી વડે હુમલો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક પેથાપુર ગામની સીમમાં આવેલી જમીન અંગે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. ત્યારે ફેકટરીના માલિક ના પેટમાં છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવતા પિતા-પુત્ર તેમજ બે દિકરીઓ વિરુધ્ધ પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાતા વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર ખાતે રહેતા અજીતસિંહ કેસરીસિંહ વાઘેલા પેથાપુર ગામના સર્વે નંબર-૧૭૫૧ તેમ ૧૭૫૩ માં સિમેન્ટના બ્લોકની ફેકટરી ચલાવે છે. આ જમીન પેથાપુરના પ્રજાપતિ વાસ ખાતે રહેતા જીવાભાઈ સોમાભાઈ પ્રજાપતિના નામે હોવાથી કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. તાજેતરમાં પેથાપુર સીમમાં આવેલી જમીન અંગે બંન્ને પક્ષે વાતચીત ચાલતી હતી.જેને પગલે અજીતસિંહ તેમના મિત્ર વિક્રમસિંહને પેથાપુર જમીન ખાતે લઈ ગયા હતા.ત્યારે ખેતરમાં રહેલી ઓરડીમાં જીવાભાઈ અને તેમનો દિકરો અશ્વિન અને જીવાભાઈની દીકરી પારૂલ તેમજ સંગીતા રહેતા હતા. અજીતસિંહે ઓરડી તેઓએ બનાવી હોવાનું જણાવી કોર્ટમાં કેસ ચાલતો હોવાથી ઓરડી ખાલી કરવા માટે જણાવ્યું હતું.જેથી જીવાભાઈ અને તેમનો દિકરો અશ્વિન અચાનક ઉશ્કેરાઈ ગયા હતા અને અજીતસિંહને ગાળાગાળી કરી માર મારવા લાગ્યા હતા. તે દરમિયાન અચાનક અશ્વિને છરી જેવા હથીયારથી અજીતસિંહને પેટના ભાગે બે ઘા મારી દીધા હતા. અજીતસિંહને વાગતા બુમાબુમ કરતા વિક્રમસિંહ તેઓને છોડાવવા માટે વચ્ચે પડ્યા હતા. તે સમયે જીવાભાઈની બે દિકરીઓ પણ આવી ગઈ હતી અને મારામારી કરવા લાગી હતી. અજીતસિંહને પેટમાં છરી જેવુ હથીયાર વાગતા લોહી નીકળતુ હોવાથી તેઓ નીચે પડી ગયા હતા. તે સમયે ગંભીર હાલતમાં શહેરની ખાનગી હોસ્પિટલમાં તેમને સારવાર માટે લઈ જવાયા હતા. જયા ડોકટર દ્વારા અજીતસિંહને પેટના ભાગે ટાંકા લીધા બાદ સારવાર માટે એડમીટ કર્યા હતા.પેથાપુર પોલીસ મથકે અજીતસિંહે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરીને પિતા-પુત્ર તેમજ બે દિકરીઓને શોધવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઇ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ